# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : cebknmu@gmail.com


**પરીપત્ર:**

**વિષય : B.R.S. સેમ. ૧ ની પરીક્ષાના પરીણામ જાહેર કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે સંબંધીત કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે અત્રેની યુનિવર્સિટી દ્વારા ફેબ્રુવારી-૨૦૨૧ દરમ્યાન લેવાયેલ **B.R.S. સેમ. ૧** ની પરીક્ષાના પરીણામ યુનિવર્સિટીની વેબસાઇટ **http://bknmu.gipl.net** પર **Student Online Result** પર જઇને વિદ્યાર્થીઓએ પોતાના સીટ નંબર અને **SPU ID** એન્ટર કરી માર્કશીટની સોફ્ટકોપી ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવી.

જે વિદ્યાર્થીઓ યુ.જી. તેમજ પી.જી. માં પુન:મુલ્યાંકન **(વધુમાં વધુ બે વિષય)** કરાવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ **તા. ૧૦/૦૫/૨૦૨૧ થી તા.૧૭/૦૫/૨૦૨૧** સુધીમાં યુનિવર્સિટીની વેબસાઇટ **http://bknmu.gipl.net** પર પોતાના યુઝર આઇ.ડી. તેમજ પાસવર્ડ એન્ટર કરી રીએસેસમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. વિદ્યાર્થીએ યુઝર આઇ.ડી તરીકે પોતાના **SPU ID** એન્ટર કરવાના રહેશે તેમજ રીએસેસમેન્ટ ફોર્મ ભર્યા બાદ ઓનલાઇન પેમેન્ટ કરવાનું રહેશે.

જે વિદ્યાર્થીઓના પરીણામમાં – (ડેસ) અથવા ગેરહાજર, વિષયમાં ફેરફાર હોય તેમજ અન્ય ક્વેરી હોય તેવા વિદ્યાર્થીઓના પરીણામમાં સુધારો કરવા માટે જે તે કોલેજ દ્વારા કોલેજનાં લેટરપેડ સાથે વિદ્યાર્થીએ જે પરીક્ષા આપેલી છે તેના જરૂરી ડોક્યુમેન્ટ સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને **તા.૧૭/૦૫/૨૦૨૧** સુધીમાં (પરીણામની હાર્ડકોપી ની રાહ જોયા વિના) અરજી સાથે જમા કરાવવાના રહેશે. સમયમર્યાદા બાદ આવનાર અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવી.

**નોંધ: ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ COVID-19 અંગે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.**

બીડાણ : વિદ્યાર્થીઓએ રીએસેસમેન્ટ ફોર્મ ઓનલાઇન ભરવા અંગેની માર્ગદર્શીકા

KHBapodra

**OSD**
**પરીક્ષા વિભાગ**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૭૯૦/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા.૧૦/૦૫/૨૦૨૧
પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાઓ તથા વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(1) આઇ.ટી. સેલ જરૂરી કાર્યવાહી અર્થે અને વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.

# વિદ્યાર્થીઓએ રીએસેસમેન્ટ ફોર્મ ઓનલાઇન ભરવા અંગેની માર્ગદર્શીકા

1) સૌપ્રથમ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઇટ **http://bknmu.gipl.net** પર પોતાના યુઝર આઇ.ડી.(SPUID) તેમજ પાસવર્ડ એન્ટર કરવાનાં રહેશે. (જે વિદ્યાર્થીઓ પાસે પાસવર્ડ ના હોય તેમણે કોલેજમાંથી પાસવર્ડ મેળવી લેવાના રહેશે.)
2) વિદ્યાર્થીઓએ પોતાના મોબાઇલ તેમજ કોમ્પ્યુટર ના વેબ બ્રાઉઝરના સેટીંગમાં જઇ POP-UP Block ને Allow કરવું.
3) ત્યારબાદ User's Desk મેનુ માં Reassessment પર ક્લીક કરવાનું રહેશે.
4) ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાની પરીક્ષા પસંદ કરી બેઠક નંબર એન્ટર કરી View બટન પર ક્લીક કરતા પોતે પસંદ કરેલ વિષય તેમજ માર્ક્સ દર્શાવેલ હશે જેમાં વિદ્યાર્થી જે વિષયમાં રીએસેસમેન્ટ કરાવવા ઇચ્છતો હોય તે વિષય ની સામે ટીકમાર્ક કરવાનું રહેશે. (વધુમાં વધુ બે વિષય).
5) ત્યારબાદ વિદ્યાર્થીએ પોતાની બેંક ખાતાની વિગત જેવી કે નામ, ખાતા નંબર, બેંકનું નામ, બેંકની શાખાનું નામ તેમજ IFSC કોડ એન્ટર કરવાનો રહેશે.
6) ઉપર મુજબની તમામ વિગત ભરી Save કર્યા બાદ Payment Options પર ક્લીક કરી (૧) Credit/Debit Cards (૨) Net Banking (3) QR Code Scan and Pay એમ ત્રણ વિકલ્પમાંથી ગમે તે વિકલ્પ દ્વારા ફી ની ચૂકવણી કરી શકાશે. અન્ય કોઇપણ પ્રકારનાં માધ્યમ દ્વારા ફી સ્વીકારવામાં આવશે નહી. સફળતાપૂર્વક ફી ની ચૂકવણી થયા બાદ Reassessment Challan ની સોફ્ટકોપી ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવી.
7) જો વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક ફી ની ચૂકવણી બાદ પણ Reassessment Challan ન બતાવતા હોય તો તેવા વિદ્યાર્થીઓએ ફરી વખત Payment ના કરવુ તેમજ ૨૪ કલાક (1 દિવસ) સુધી રાહ જોવી. 1 દિવસ બાદ ફરી પોતાનુ રીએસેસમેન્ટ ફોર્મ ચાલુ કરવુ તે સમયે પણ Reassessment Challan ન બતાવે તો તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના મેઇલ આઇ.ડી. examb knmu@gmail.com પર Mail કરવો
   (Mail કરતી વખતે વિદ્યાર્થીઓએ પોતાનો SPUID, પોતાનુ પુરુનામ, સીટનંબર, મોબાઈલ નંબર, કોર્ષનું નામ દર્શાવવાનું રહેશે તેમજ સફળતાપૂર્વક ફી ની ચૂકવણી કરેલ છે તેના આધાર પુરાવા સાથે જોડવાના રહેશે.)

ખાસ નોંધઃ-

વિદ્યાર્થી દ્વારા પુનઃમુલ્યાંકન કરાવતા નાપાસ થયેલ વિદ્યાર્થી પાસ જાહેર થયે ૫૦% પરત રકમ રીએસેસમેન્ટ ફોર્મમાં જે બેંક ખાતાની વિગત ભરવામાં આવેલ હશે તે ખાતા નંબરમાં જ પરત જમા કરવામાં આવશે જેથી વિદ્યાર્થી દ્વારા કાળજીપુર્વક બેંક ખાતાની વિગત સ્પષ્ટ દર્શાવવી.